**પેન્ટાગોનના વડાએ નાટો સાથીદારોને સખત ઝાટક્યા**

# યુરોપમાં પોતાના દળોની તૈનાતીની અમેરિકા સમીક્ષા કરશે

**નાટો સંગઠનના પોતાના સમકક્ષોને સંબોધન કરતા અમેરિકી સંરક્ષણ મંત્રી હેગસેથે કહ્યું કે સંરક્ષણને બદલે યુરોપિયન દેશો અન્ય બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે**

બ્રસેલ્સ, ૧૮ જૂન (AP): અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે ગુરુવારે નાટોના સહયોગી દેશો પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે યુરોપમાં અમેરિકી દળોની છ મહિનાની પેન્ટાગોન સમીક્ષાની જાહેરાત કરી છે, જેનું પરિણામ યુરોપિયનો પોતાની સુરક્ષાની જવાબદારી કેટલી ઝડપથી સ્વીકારે છે તેના પર નિર્ભર રહેશે.

તેમણે બ્રસેલ્સમાં તેમના નાટો સમકક્ષોને જણાવ્યું કે, આ એક વાસ્તવિક સમીક્ષા હશે. તે એ સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવશે કે નાટો ઝડપથી અને અપરિવર્તનીય રીતે યુરોપના નેતૃત્વ તરફ આગળ વધે, અને યુરોપ પોતાની રક્ષા માટેની પ્રાથમિક જવાબદારી ઉઠાવવા આગળ આવે.

હેગસેથે ઈરાન પર હુમલા કરવા માટે યુરોપમાં આવેલા સૈન્ય મથકોનો ઉપયોગ કરવાની મંજૂરી અમેરિકી દળોને ન આપવા બદલ યુરોપિયન સહયોગીઓની આકરી ટીકા કરી હતી અને તેને શરમજનક ગણાવી હતી. તેમણે કહ્યું, આ સહયોગી દેશોએ અમેરિકાના દીકરા-દીકરીઓ, આપણા દીકરા-દીકરીઓને જોખમમાં મૂક્યા છે, કારણ કે તેમણે એવા સૈન્ય મથકો, સુવિધાઓ અને એરસ્પેસનો ઉપયોગ કરવાની ના પાડી દીધી, જે બાબતે ક્યારેય કોઈ સવાલ જ ન હોવો જોઈએ.

હેગસેથે કહ્યું, ટેન્કો, ફાઈટર જેટ્સ અને એર ડિફેન્સ સિસ્ટમ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે, લિંગ સમાનતા, આબોહવા પરિવર્તન અને સંરક્ષણ બજેટમાં કરકસર પર ધ્યાન કેન્દ્રિત કરાયું. યુરોપની સરહદો વ્યાપકપણે ખુલ્લી મૂકી દેવામાં આવી, કલ્યાણકારી રાજ્યોનો વિસ્તાર થયો અને સંરક્ષણ બજેટ સાવ તળિયે બેસી ગયું. જો કે, હેગસેથની ટિપ્પણીઓ વર્તમાન સમયની યુરોપિયન નીતિઓને મોટાભાગે ખોટી રીતે રજૂ કરે છે. નાટોના સેક્રેટરી-જનરલ માર્ક રુટ્ટેએ ગુરુવારે નોંધ્યું હતું કે તેઓએ ગયા વર્ષે સંરક્ષણ પર ૯૦ અબજ યુએસ ડોલર વધુ ખર્ચ્યા છે, જે ૨૦૨૪ ની તુલનામાં ૨૦ ટકાનો વધારો દર્શાવે છે.

# ઘોડાગાડી સવારી દરમ્યાન અકસ્માત થતા ન્યૂયોર્કમાં ભારતીય કિશોરનું મોત

**ભારતીય પરિવાર સેન્ટ્રલ પાર્કમાં ઘોડાગાડી સવારીનો આનંદ માણવા ગયો હતો**

**સવારી દરમ્યાન ડ્રાઇવર ફોટો પાડવા નીચે ઉતર્યો અને ઘોડો ભડકીને ભાગવા લાગ્યો**

**ગાડીમાંથી ફેંકાઇ ગયેલી માતાને બચાવવા છોકરો નીચે કૂદ્યો અને કરૂણ મોતને ભેટ્યો**



ન્યૂયોર્ક, ૧૮ જૂન (PTI): ન્યૂયોર્ક સિટીના પ્રખ્યાત સેન્ટ્રલ પાર્કમાં ઘોડો અચાનક ભડકીને દોડવા લાગ્યા બાદ ઘોડાગાડીમાંથી ફેંકાઈ ગયેલી પોતાની માતાને બચાવવાના પ્રયાસમાં એક ભારતીય કિશોરનું મોત નીપજ્યું હતું.

'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ'ના અહેવાલ મુજબ, ૧૮ વર્ષીય રોમાંચ મહાજન તેના પરિવાર સાથે પહેલીવાર ન્યૂયોર્કની મુલાકાતે આવ્યો હતો, ત્યારે બુધવારે આ ઘટના બની હતી. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે, ડ્રાઈવર પરિવારનો ફોટો લેવા માટે રોકાયો હતો અને તે જ ક્ષણે ઘોડો ભડક્યો હતો. તે ફૂટપાથ પર દોડી ગયો અને ઘાસ પર કૂદીને અત્યંત ઝડપે ભાગવા લાગ્યો હતો, જ્યારે ડ્રાઈવર તેની પાછળ દોડી રહ્યો હતો. રોમાંચના પિતા દીપક મહાજને જણાવ્યું કે, "અમે બૂમો પાડી રહ્યા હતા, 'બચાવો, બચાવો!' પરિવારે એકબીજાને મજબૂતાઈથી પકડી રાખ્યા હતા, પરંતુ જ્યારે દીપકની પત્ની પ્રિયા ગાડીમાંથી નીચે પડી ગઈ, ત્યારે રોમાંચે તેમને બચાવવા માટે નીચે કૂદકો માર્યો હતો. દીપકે કહ્યું, "મારો પુત્ર, તેની માતાને બચાવવા માટે જ નીચે પડ્યો. તે બૂમો પાડી રહ્યો હતો, 'મમ્મી!'

'ટેવર્ન ઓન ધ ગ્રીન'માં કામ કરતી તાતિયાના બ્રેસલરે 'ધ ન્યૂયોર્ક પોસ્ટ'ને જણાવ્યું કે, ઘોડો ડરી ગયો હતો અને ખૂબ જ ઝડપથી દોડવા લાગ્યો હતો." આ અકસ્માત જોઈને અને ચીસો સાંભળીને તરત જ ૯૧૧ (ઈમરજન્સી નંબર) પર કોલ કરનાર બ્રેસલરે જણાવ્યું કે, ગાડી પલટી જાય તે પહેલાં એક પ્રત્યક્ષદર્શીએ બેકાબૂ બનેલા ઘોડાની ઝડપ ધીમી કરી દીધી હતી. રોમાંચનું માથું જમીન પર અથડાયું હતું અને તે બેભાન થઈ ગયો હતો. 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ'ના અહેવાલમાં ઉમેર્યું છે કે, બુધવારે રાત્રે 'ન્યૂયોર્ક-પ્રેસ્બિટેરિયન વેઈલ કોર્નેલ મેડિકલ સેન્ટર' ખાતે તેનું મોત નીપજ્યું હતું.

## સેન્ટ્રલ પાર્કમાં ઘોડાગાડી અકસ્માતની ૨૦૨૫થી આઠ ઘટનાઓ

**પ્રતિબંધ મૂકવા ઉઠેલી માગ**

આ અકસ્માતને પગલે પાર્કમાંથી ઘોડાગાડીઓ પર પ્રતિબંધ મૂકવાની માગ ફરી એકવાર વેગ પકડી રહી છે. મેનહટનમાં ૧૦૦ થી વધુ ઘોડાગાડીઓ છે. સિટી કાઉન્સિલના સભ્ય ક્રિસ્ટોફર માર્ટે, જેમણે આગામી વર્ષના અંત સુધીમાં ઘોડાગાડીઓ પર પ્રતિબંધ મૂકવાનું બિલ રજૂ કર્યું છે, તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "આપણે આને અન્ય એક સામાન્ય ઘટના તરીકે ગણી શકીએ નહીં. કાઉન્સિલે આ દુર્ઘટનાની ગંભીરતાને સમજીને તાત્કાલિક પગલાં લેવા જોઈએ. પાર્ક કન્ઝર્વેન્સીએ જણાવ્યું હતું કે મે ૨૦૨૫ થી પાર્કમાં અથવા તેની આસપાસ ઘોડા સંબંધિત આઠ ઘટનાઓ બની છે, જેમાં ગયા મહિને બનેલી એક ઘટનાનો પણ સમાવેશ થાય છે જ્યાં એક ઘોડો બીજી ગાડી સાથે અથડાયો હતો અને તે પલટી ગઈ હતી.

## ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદમાં બેંક લોકરમાંથી કરોડોનું સોનું ગાયબ

ફિરોઝાબાદ (UP), તા. 18 (PTI) ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદ જિલ્લામાં બેંક ઓફ ઈન્ડિયાની શાખાના લોકરમાંથી લોન સામે ગ્રાહકો દ્વારા ગીરવે રાખવામાં આવેલું સોનું કથિત રીતે ગાયબ થઈ ગયું હોવાનું પોલીસે ગુરુવારે જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, બેંકની ભરોલ શાખાના લોકરમાંથી ગીરો રાખેલા સોનાના કુલ 96 પેકેટ ગાયબ જોવા મળ્યા હતા. બેંકની આગ્રા પ્રાદેશિક કચેરીના ચીફ મેનેજર આદિત્ય પ્રતાપ સિંહે બુધવારે રાત્રે અરાંવ પોલીસ સ્ટેશનમાં તત્કાલીન બ્રાન્ચ મેનેજર સહિત ત્રણ કર્મચારીઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધાવી હતી. પોલીસ અધિક્ષક (એસપી) આદિત્ય લાંગેએ જણાવ્યું હતું કે, ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, બેંક સ્ટાફ મેમ્બર અને કી કસ્ટોડિયન દિલીપ કુમાર, જે ઈટાવા જિલ્લાના બાસગાંવ ગામનો રહેવાસી છે, તે 27 મેથી કોઈ પણ માહિતી આપ્યા વિના ગેરહાજર હતો, જેના કારણે લોકર સંબંધિત કામગીરી અટકી ગઈ હતી. જ્યારે બેંક તેનો સંપર્ક કરવામાં નિષ્ફળ રહી ત્યારે શંકા ઉપજી અને આ બાબતની જાણ આગ્રા સ્થિત પ્રાદેશિક કચેરીને કરવામાં આવી. આ પછી વરિષ્ઠ સુરક્ષા મેનેજર અંકિત અને ધિરોર શાખાના વરિષ્ઠ મેનેજર (સુરક્ષા) સુશીલ કુમારને 15 જૂને ભરોલ શાખામાં મોકલવામાં આવ્યા હતા.




## વૈષ્ણવો દેવી મંદિર પહોંચ્યો અક્ષય કુમાર




કટરા, તા. 18: અભિનેતા અક્ષય કુમાર પોતાની આગામી ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'ની રિલીઝ પહેલા માતા વૈષ્ણવો દેવી મંદિર પહોંચ્યો હતો. ગુરુવારે અક્ષય કુમારે ત્રિકુટા પહાડીઓ પર સ્થિત આ પવિત્ર મંદિરમાં માથું ટેકવ્યું હતું અને આશીર્વાદ લીધા હતા. મંદિર પરિસરમાં અભિનેતાને જોતાં જ ત્યાં હાજર ફેન્સે તેમને ઘેરી લીધો હતો. આ દરમિયાન અક્ષય કુમાર પારંપરિક સફેદ કુર્તો પહેરેલા જોવો મળ્યો હતો. સોશિયલ મીડિયા પર પણ અક્ષયના ઘણા વીડિયો સામે આવ્યા છે, જેમાં ફેન્સ તેમની સાથે સેલ્ફી લેવાનો પ્રયાસ કરતા જોવા મળી રહ્યા છે. આ પહેલા પણ અક્ષય ઘણી વખત પોતાની ફિલ્મોની રિલીઝ પહેલા ધાર્મિક સ્થળો પર જઈને આશીર્વાદ લેતો રહ્યો છે.

## કેટરિનાના દિયરનું થયું બ્રેકઅપ!



મુંબઈ, તા. 18 ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં જેટલી ઝડપથી સંબંધો બને છે, તેના કરતાં ક્યાંય વધુ ઝડપથી બગડી પણ જાય છે. ઘણી વખત સિતારાઓ વચ્ચે કરિયરના કારણે દીવાલ બની જતી હોય છે. વિક્કી કૌશલના નાના ભાઈ અને જાણીતા અભિનેતા સની કૌશલને લઈને થોડા સમય પહેલા સમાચાર હતા કે તેઓ શર્વરી વાઘને ડેટ કરી રહ્યા છે, પરંતુ હવે આ દરમિયાન સમાચાર આવ્યા છે કે કરિયરમાં ઉતાર-ચઢાવ અને પર્સનલ સક્સેસના તફાવતને કારણે વર્ષ 2025માં બંનેનું બ્રેકઅપ થઈ ગયું હતું. સમાચારો અનુસાર, આશરે 2 વર્ષ પહેલાં સુધી બંનેની કરિયર અને સંબંધ ખૂબ જ સારા ચાલી રહ્યા હતા. શર્વરી અને સનીના સંબંધોને ફેન્સ પણ ખૂબ પસંદ કરતા હતા.

## કોર્ટે પ્રીતિ ઝિન્ટાને ગૂગલ, મેટા વિરુદ્ધ કેસ કરવાની મંજૂરી આપી



મુંબઈ, તા. ૧૮: બોમ્બે હાઈકોર્ટે અભિનેત્રી અને ઉદ્યોગસાહસિક પ્રીતિ ઝિન્ટાને ગૂગલ એલએલસી, મેટા પ્લેટફોર્મ્સ ઇન્ક, એક્સ કોર્પ અને અન્ય કેટલીક ડિજિટલ સંસ્થાઓ વિરુદ્ધ કથિત એઆઈ-જનરેટેડ ડીપફેક્સ અને ઓનલાઇન છેડછાડ કરાયેલી સામગ્રી, જે તેના અધિકારોનું ઉલ્લંઘન કરે છે તેમ તેનો દાવો છે, તે બદલ સિવિલ દાવો દાખલ કરવાની મંજૂરી આપી છે.

જસ્ટિસ અભય આહુજા દ્વારા ૧૬ જૂનના રોજ એક આદેશ પસાર કરવામાં આવ્યો હતો જે ઝિન્ટાને બોમ્બે હાઈકોર્ટ સમક્ષ ઔપચારિક રીતે તેનો સિવિલ દાવો દાખલ કરવાની મંજૂરી આપે છે. ઝિન્ટાનો પ્રસ્તાવિત દાવો એઆઈ-જનરેટેડ ડીપફેક વીડિયો, છેડછાડ કરાયેલી છબીઓ (ઈમેજીસ), મીમ્સ, એઆઈ ચેટબોટ પર્સોના અને અન્ય ડિજિટલ સામગ્રી સંબંધિત છે.

# મોદી ફ્રાન્સમાં અગ્રણી કંપનીઓના સીઈઓને મળ્યા

**પીએમએ રોકાણ અને ભારતમાં વિસ્તરણની યોજનાઓ પર ચર્ચા કરી**



પેરિસ, તા. ૧૮ (પીટીઆઈ) વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે અહીં અગ્રણી બિઝનેસ એક્ઝિક્યુટિવ્સ (વ્યાપારી વડાઓ) સાથે મુલાકાત કરી હતી અને ભારતમાં રોકાણની તકો તેમ જ વિસ્તરણની યોજનાઓ પર કેન્દ્રિત ચર્ચાઓ કરી હતી. વડા પ્રધાનને મળેલા સીઈઓ સસ્ટેનેબલ કન્સ્ટ્રક્શન, મોબિલિટી અને એઆઈ સહિતના વિવિધ ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરતા હતા. મોદી હાલમાં ફ્રાન્સમાં છે, જ્યાં તેમણે છેલ્લા બે દિવસમાં જી7 સમિટમાં ભાગ લીધો હતો અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિતના કેટલાક વિશ્વ નેતાઓ સાથે વાતચીત કરી હતી. વિદેશ મંત્રાલય (એમઈએ)એ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું છે કે, મોદી સેન્ટ-ગોબેનના ચેરમેન અને સીઈઓ બેનોઈટ બાઝિનને મળ્યા હતા અને મટીરિયલ્સ અને કન્સ્ટ્રક્શન સેક્ટરમાં તકો વિશે ચર્ચા કરી હતી, જેમાં ટકાઉપણા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. પોસ્ટમાં વધુમાં જણાવાયું છે કે, વડા પ્રધાને ભારતમાં સેન્ટ-ગોબેનની મજબૂત હાજરી અને રોકાણોની નોંધ લીધી હતી, જે ભારતીય યુવાનો માટે તકો ઊભી કરી રહ્યા છે. એમઈએએ જણાવ્યું કે, બાઝિને કંપનીની ભારતમાં વધુ રોકાણ અને વિસ્તરણ માટેની યોજનાઓ શેર કરી હતી. મોદી એલ્સ્ટોમના સીઈઓ માર્ટિન સિયોનને પણ મળ્યા હતા અને મોબિલિટી તેમજ રેલવેના આધુનિકીકરણમાં રહેલી તકો અંગે ચર્ચા કરી હતી. એમઈએએ જણાવ્યું કે, વડા પ્રધાને એલ્સ્ટોમના ભારતમાં નોંધપાત્ર રોકાણ અને ઉત્પાદન પ્રવૃત્તિઓની નોંધ લીધી હતી, જે રોજગારીની તકો ઊભી કરવામાં અને ભારતના રેલ ક્ષેત્રના વિકાસમાં યોગદાન આપી રહ્યા છે.

